# રંગતાળીના પર્વમાં મેઘરાજાની ત્રણતાળી

**આસોની અજવાળી રાતના આગમન ટાંણે વાતાવરણમાં અષાઢી અંધકાર : ગઇકાલે રાત્રિના પણ વરસાદ બે ઇંચ ખાબકયો : સેકટરોમાં વરસાદી પાણી ભરાયા : જનજીવન પ્રભાવિત**


















ગાંધીનગર તા ૨૭

રંગતાળી રંગતાળી રંગતાળી રે.. રંગમાં રંગ તાળી.. નવરાત પર્વના આડે બે દિવસ જ બાકી રહ્યા છે. પરંતુ આસોની અજવાળી રાતના આગમન ટાંણે મેઘરાજા ત્રણ તાળી રમવાના મુડમાં છે.રોજબરોજ ગોરંભાતા વરસાદી વાદળો વચ્ચે બદલાતા આકાશી નઝારાના લીધે નવરાત પર્વની ઉજવણીનો રંગ ફીક્કો પડી ન જાય તે સૌ કોઇ માટે ચિંતાનો વિષય છે.નવરાત પર્વની તડામાર તૈયારી ચાલી રહી છે. પરંતુ વરસાદ એક દિવસ પણ કોરુ કાઢતો નથી. વાદલડી વરસતી રહે છે. અને ગરબા મેદાનમાંથી પાણી ઉલેચાતા રહે છે. હાલ તો ગરબા મેદાનની હાલત આવી છે. ગઈકાલે પણ રાત્રિના બે ઈંચ વરસાદ ખાબકતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા યથાવત રહ્યા હતા. ગરબાની રંગતાળીના રંગમાં મેઘરાજા ત્રણ તાળીની રમત પરેશાનીનુ કારણ બની છે.

સમગ્ર રાજયમાં વરસાદી હેલીથી નજર નાંખો ત્યાં ચોમેર પાણી પાણી જોવા મળે છે. ભાદરવો પુરો થવા આવ્યો છતા આસોની અજવાળી રાતના આગમન ટાંણે પણ આકાશી નઝારો બદલાતો નથી. આકાશમાં વરસાદી વાદળોનુ સામ્રાજય યથાવત છે. એટલુ જ નહીં પરતુ દિવસમાં એકવાર હાજરી ભરવા આવતા મેઘરાજા ચોમેર પાણી ભરી દે છે. નવલી નવરાત પર્વની ઉજવણીમાં ગરબા મહોત્સવના આયોજકો અને ખૈલૈયાઓ વ્યસ્ત છે. પરંતુ વરસાદી મિજાજ વચ્ચે જોઈએ તેવા મસ્ત નથી. ગરબા રમવા અને રમાડવા ઉત્સુક સૌ કોઈની નજર સવાર થતા જ આકાશ તરફ મંડરાય છે.અષાઢમાં હેત વરસાવાનુ ચેકેલા મેઘરાજા હવે આસોની અજવાળી રાતના આગમન ટાંણે અળખામણા બની રહ્યા છે. આખુ વર્ષ જેની રાહ જોવાતી હોય તેવા નવરાત પર્વની ઉજવણીમાં વરસાદના આ મિજાજથી સૌ કોઈને નારાજગી છે. આસોની અજવાળી રાતના આગમન ટાંણે અષાઢી નીંદમાં પોઢેલા મેઘરાજાને કોણ કહી શકે .. આમછતા મેઘરાજા લાજે નહીં પણ ગાજે તેવી મનોદશા વચ્ચે નવરાત પર્વના વધામણા કરવા માટે ખૈલેયાઓ ઉત્સુક છે. વરસાદ રોજ હળવા ભારે ઝાપટા વરસાવી સતત ભીંજારાનો માહોલ જાળવી રાખે છે. ગઈકાલે રાત્રિના પણ આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો અચાનક તુટી પડતા શહેરમાં બે ઈંચ જેટલા વરસાદથી ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. આમ પણ વાદળિયા વાતાવરણ , વરસાદી ભીંજારા વચ્ચે રોગચાળાથી પ્રભાવિત નગરજનો પણ હવે મેઘરાજાને નતમસ્તક થઈને વિદાય લેવા માટે આજીજી કરી રહ્યા છે. નવરાત પર્વને હવે માંડ બે દિવસ જ આડા રહ્યા છે. ત્યારે મેહુલિયો એક પણ દિવસ હાઉકલી કરવાનુ ચુકતો નથી વરસાદના આ મિજાજથી ગરબા રસિકો , ખૈલૈયાઓ અને ગરબા મહોત્સવના આયોજકોમાં સતત ચિંતાના વાદળોનો ગડગડાટ કરે છે. ગરબા મેદાન તૈયાર કરવા પાછળ તોતિંગ ખર્ચ સાથે મહેનત થકી ગરબા મેદાનો સજ્જ થઈ રહ્યા છે. વરસાદનો આકરો મિજાજ ગરબાના આયોજન પર પાણીઢોળ કરી દે તેની ચિંતા અને ડર સૌ કોઈને સતાવી રહ્યો છે. ગઈકાલે પણ રાત્રિના બે ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો. સેકટરોની શેરીઓમાં પણ વરસાદી પાણી ઉભરાતા નજરે પડયા હતા. શેરી ગરબાના આયોજકો પણ વરસાદના આ વિચિત્ર મિજાજથી ત્રસ્ત છે. ખેડુતો માટે પણ પાછોતરો વરસાદ ચિંતાનુ કારણ બન્યો છે. વરસાદી વાયરાથી જનજીવન પ્રભાવિત છે. ત્યારે આગામી નવરાત મહોત્સવમાં મેઘરાજા રોજ ત્રણ તાળીના ગરબામાં સુર પુરાવશે કે કેમ તે બાબત હાલ ટોક ઓફ ધ ટાઉન છે.

# સુત્રાપાડાના પ્રાચલીમાં આભ ફાટ્યુ : ત્રણ કલાકમાં નવ ઈંચ

**નવ ઇંચ વરસાદથી ગામના રસ્તાઓ પર નદીઓ વહેતી થઈ : સૌરાષ્ટ્રના અનેક પંથકો પાણીમાં : કચ્છના ગાંધીધામ-અંજારમાં પણ ધોધમાર વરસાદ : ગોંડલનું વોરા કોટડા સંપર્ક વિહોણું**

અમદાવાદ, તા.૨૭

સૌરાષ્ટ્રના અનેક પંથકોમાં જોરદાર મેઘમહેર જારી છે. જૂનાગઢના સુત્રાપાડાનાં તાલુકામાં પ્રાંચલી ગામથી મોરડીયા સુધીમાં જાણે કે આભ ફાટ્યું હોય તેમ માત્ર ત્રણ કલાકમાં જ નવ ઇંચ જેટલો અતિ ભારે વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. જેને લઈ શહેરનાં માર્ગો પર જાણે રીતસરની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા અને વાડી વિસ્તાર જળબંબાકાર બની પાણીમાં ગરકાવ થયો હતો. સૂત્રાપાડા




પંથકમાં જ્યાં જુઓ ત્યાં પાણી-પાણી થઈ જતાં લોકોએ પણ આવું દ્રશ્ય પ્રથમ વખત જોતાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. પ્રાચલીનાં રસ્તાઓ પર પણ વરસાદનાં પગલે નદીઓ વહેતી થઈ હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. તો ઉનામાં ગત રાત્રે ૨થી ૪ વાગ્યા સુધીમાં ત્રણથી ચાર ઇંચ વરસાદ ખાબકતાં અહીના વિસ્તારો પણ પાણીમાં ગરકાવ બન્યા હતા. ગીર પંથક, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ખાંભા સહિતના સૌરાષ્ટ્રના અનેક પંથકોમાં વરસાદી જોર યથાવત્ રહ્યું છે. તો, ગોંડલ પંથકમાં ભારે વરસાદને કારણે વોરાકોટકા ગામ સંપર્ક વિહોણું બન્યું છે. જામનગરના જોડિયામાં માત્ર ચાર કલાકમાં જ પાંચ ઈંચથી વધુ અને કચ્છના ગાંધીધામમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર પાણી ભરાયા હતા. દક્ષિણ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં મેઘ મહેર જોરદારરીતે જારી રહી છે. ખેડા, આણંદ, સુરત અને તાપીમાં ભારે વરસાદ થયો છે જ્યારે સૌરાષ્ટ્રના રાજકોટ, ગીરસોમનાથમાં પણ છેલ્લા ૨૪ કલાકામાં ભારે વરસાદ થયો છે.

# રાજ્યમાં મોસમનો ૧૩૦ ટકા વરસાદ

**૧૦૨ જળાશયો ૧૦૦ ટકાથી વધુ ભરાયા છે : દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૧૪૦.૫૦ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૨૦.૮૫ તેમજ સૌરાષ્ટ્રમાં ૧૨૯.૬૨ ટકા**

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં સતત ૪થા મહિને પણ ચોમાસાની જમાવટ ચાલુ જ છે. નવરાત્રિને આડે હવે માત્ર બે જ દિવસ બાકી રહ્યા છે તેમછતાં મેઘરાજા તેમની સાર્વત્રિક મહેર રાજયભરમાં વરસાવી રહ્યા છે. છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન રાજયના ૫૮ તાલુકાઓમાં નોંધનીય વરસાદ થયો છે. જેમાં ધાંગધ્રા તાલુકામાં ૧૧૦ મી.મી. એટલે કે સવા ચાર ઈંચ જેટલો અને કોટડા-સાંગાણીમાં ૯૮ મી.મી. એટલે કે ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ સાથે રાજયમાં ચાલુ સીઝનનો સરેરાશ વરસાદ ૧૩૦ ટકા જેટલો નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૪૮.૧૦ ટકા, જ્યારે ઉત્તર ગુજરાતમાં ૯૯.૪૦ ટકા, પૂર્વ-મધ્ય ગજરાતમાં ૧૨૦.૮૫ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૨૯.૬૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૪૦.૫૦ ટકા જેટલો સરેરાશ વરસાદ વરસ્યો છે. સારા વરસાદના કારણે, રાજ્યના ૨૦૪ જળાશયોમાંથી ૧૦૨ જળાશયો ૧૦૦ ટકાથી વધુ ભરાયા છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ વાલોડ તાલુકામાં ૮૩ મી.મી., મહુવામાં ૮૧ મી.મી., લખતરમાં ૭૪ મી.મી. અને તલાલામાં ૭૨ મી.મી. મળી કુલ ચાર તાલકાઓમાં ત્રણ ઈંચ જેટલો જ્યારે મહેમદાવાદ, માંડવી, લોધિકા, વઢવાણ, હળવદ, ભાણવડ, ઉમરેઠ, ઉના, સૂત્રાપાડા, ભેંસાણ, કેશોદ, અમદાવાદ શહેર, મોરબી, ખંભાળીયા અને માંગરોળ મળી કુલ ૧૫ તાલુકાઓમાં બે ઈંચથી વધુ અને અન્ય ૩૬ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજ્યમાં થયેલા વરસાદને પરિણામે કુલ ૨૦૪ જળાશયોમાં ૯૧.૩૬ ટકા જેટલો જળ સંગ્રહ થયો છે. જેમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૬૧.૫૪ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૯૮.૧૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૯૭.૬૯ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૭૫.૫૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૩૯ જળાશયોમાં ૮૭.૩૪ ટકા જેટલો જળ સંગ્રહ થયો છે. રાજયના ૨૦૪ જળાશયોમાં ૫,૦૮,૩૦૯.૨૮ એમ. સી. એફ. ટી. (મિલિયન ક્યુબિક ફિટ) જળ સંગ્રહ છે જે કુલ સંગ્રહ શકિતના ૯૧.૩૧ ટકા જેટલો છે.

## રાજયમાં ભારે વરસાદ માટેની ચેતવણી યથાવત

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને ખાસ કરીને ગાંધીનગર, ખેડા, અમદાવાદમાં ભારે વરસાદ થઇ શકે છે જ્યારે સૌરાષ્ટ્રના જામનગર, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. બનાસકાંઠા, પાટણ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, ભરુચ, સુરત, નવસારી, વલસાડ અને દમણ દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા દેખાઈ રહી છે. દ્વારકા અને કચ્છમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. આગામી પાંચ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.